# એક વર્ષ દરમિયાન શહેરમાં વૃક્ષછેદન કરતા ૧૦ ઝડપાયા

## સેક્ટરોમાં છેવાડાના વિસ્તારમાં છાનાખૂણે વૃક્ષો કપાતા હોવાનો આક્રોશ

ગાંધીનગર, તા. ૨૧

હરિયાળા ગાંધીનગરમાં વૃક્ષછેદનની પ્રવૃત્તિ વધતા ગ્રીનસીટી બેરનસીટી બનવા તરફ હોવાનો આક્રોશ પ્રવર્ત્યો છે. શહેરનો ગ્રીનસીટીનું બિરૂદ પરત અપાવવા વનીકરણનું અભિયાન હાથ ધરાયું છે ત્યારે વૃક્ષછેદનની પ્રવૃત્તિને ડામવા વનતંત્ર દ્વારા એક વર્ષમાં ૧૦ ઈસમોને પકડી કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

એક જમાનામાં વૃક્ષોની વનરાજી વચ્ચે નિખરેલી હરિયાળીના લીધે ગ્રીનસીટીની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરમાં છેલ્લા એક દાયકાથી વૃક્ષછેદનની પ્રવૃત્તિ વધી છે. સેક્ટરોમાં અંતરિયાળ વિસ્તારમાં છાનાખૂણે કપાતા વૃક્ષોના લીધે નગરના પર્યાવરણ પ્રેમીઓમાં પણ નારાજગી વ્યાપી છે. સે. ૧૪ સ્થિત રેલવે સ્ટેશન આસપાસના વિસ્તારમાં પણ ખુલ્લેઆમ વૃક્ષોના મુળિયા ઉખાડવાનું દૂષણ પાંગર્યું હોવાનો આક્રોશ સ્થાનિક રહીશોમાં પ્રવર્ત્યો છે. શહેરમાં અનેકવિધ વિકાસ કામોના અંતે પણ હજારો વૃક્ષોનું નિકંદન વળ્યું હોવાની સ્થિતિ સર્જાઈ છે ત્યારે વનીકરણ હેઠળ રોપણ થતા નવા વૃક્ષોની યોગ્ય જાળવણી સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે. વૃક્ષછેદનના દૂષણને ડામવા વન વિભાગ દ્વારા છેલ્લા એક વર્ષમાં ૧૦ ઈસમોને ઝડપી કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું વિભાગના સૂત્રોએ જણાવ્યું છે ત્યારે સેક્ટરોના છેવાડાના વિસ્તારમાં બિન્દાસ્ત રીતે વૃક્ષોનું છેદન થતું હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.



પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સે-૨૨ ખાતે શ્રી રામદાસ રાવલે વ્યાસપીઠ પરથી શિવકથાનું રસપાન કરાવ્યું હતું. ભાવિકોએ કથાનો મોટી સંખ્યામાં લાભ લીધો હતો. (તસવીર : દિપક જાની)



પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ ચૂક્યો છે... ઠેર ઠેર શિવ ભક્તિ - આરાધના કરી ભગવાન ભોળાનાથની અસીમ કૃપા પ્રાપ્ત થાય તે માટે સેક્ટર-૨૩ ખાતે શિવમહિમ્ન સ્ત્રોતના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવિક ભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શિવ આરાધનાનો લાભ લીધો હતો. (તસવીર : દિપક જાની)

# બોરીજ, આદિવાડા, પાલજ, ઈન્દ્રોડામાં પાણીના ક્લોરીનેશન માટે રજૂઆત

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેર અને તેમાં સમાવિષ્ટ ગામોમાં પાણીથી થતા રોગો ઝડપથી વધી રહ્યા છે. તેના માટે તાકીદે પાણીમાં ક્લોરીનેશન તેમજ શુદ્ધિકરણ પ્લાન્ટ ઉપર થતી જરૂરી પ્રક્રિયાઓ થાય તેનું સુપરવિઝન ડે ટુ ડે થાય તેવી પ્રક્રિયા કરવી જોઈએ.

ગાંધીનગરમાં સમાવિષ્ટ ગામોમાં જેવા કે ધોળાકુવા, ઈન્દ્રોડા, બોરીજ, પાલજ, બાસન કે જ્યાં ટ્યુબવેલ મારફતે પાણી પુરું પડાતું હોવાથી ક્લોરીનેશનની પ્રક્રિયા હાલમાં થતી નથી જે વળી ખૂબ જ જરૂરી છે અને નગરજનોના સ્વાસ્થ્ય માટે પાણીજન્ય રોગોનો ફેલાવો ન થાય તે માટે પાણીમાં રેશીડ્યુઅલ ક્લોરીનનું પ્રમાણ ૦.૨ થી ૦.૪ પી.પી.એમ. જળવાઈ રહે તેવું તાકીદે કરવા જે તે વિભાગને જરૂરી સુચનાઓ આપવા જણાવેલ છે.

ઉપરોક્ત ગામોમાં પૂરું પાડવામાં આવતા પાણઈ પુરવઠામાં રેસીડ્યુઅલ ફ્લોરીનનું પ્રમાણ માટે રેસીડ્યુઅલ ક્લોરીન ટેસ્ટ, જીવાણું પરીક્ષણ, રાસાયણિક પરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું અને તેના પરિણામની નકલ પણ અને મહાનગરપાલિકામાં મોકલવા જણાવેલ છે. આ કાર્યવાહીનુ સુચન, ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પ્રવિણભાઈ ડી. પટેલ પોતાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# કલોલ તાલુકાના વડસર ગામ ખાતે રૂપિયા ૨૫ લાખના વિકાસ કામોનું ખાતમહૂર્ત



ગાંધીનગર, તા.૨૧

કલોલ તાલુકાના વડસર ગામ ખાતેપાણી પુરવઠા બોર્ડની વાસ્મો સંસ્થા દ્વારા રૂપિયા ૨૫ લાખના ખર્ચે નિર્મિત પામનાર પાણીની ટાંકી, પંપ રૂમ અને પાઈપ લાઈનનું ખાત મુહૂર્ત આજરોજ પાણી પુરવઠા, જળ સંપત્તિ અને શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા જ્ઞાતિવાદ કે અન્ય કોઈપણ ભેદભાવને બાજુમાં રાખીને માત્ર વિકાસના કામોને જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાસનની ધુરા સંભાળી ત્યારથી રાજયમાં તમામ ક્ષેત્રે વિકાસની ગતિ તેજ બની છે. થોડાક વર્ષો અગાઉના ગુજરાતના ગામડા અને આજના ગુજરાતના ગામડાઓનું ચિત્ર આપની સમક્ષ છે. હાલમાં ગામડાઓમાં પણ શહેર જેવી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આજે વડસર ગામમાં વિકાસના મંજૂર થયેલ રૂપિયા ૫૦ લાખના કામોમાંથી આજ રોજ ૨૫ લાખના વિકાસ કામોનું ખાતમહૂર્ત કરવામાં આવ્યું છે. તે સિવાય આપના ગામમાં અનેક વિકાસના કામો માટેની જરૂરી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે અને અમુક વિકાસના કામો ટૂંકા સમયમાં શરૂ કરવામાં આવશે.

કલોલ તાલુકા પંચાયતના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ વડસર ગામમાં થયેલ અને ખાતે થનાર વિવિધ કાર્યો આશરે ૪૦ લાખથી વધુ રૂપિયાના વિકાસ કામોની ઝાંખી કરવી હતી. સ્ટ્રીટ લાઈટનું કામ પૂર્ણ કરી દેવામાં આવશે.

ગામના સરપંચ નરેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. પ્રાથમિક શાળાની કન્યાઓ દ્વારા સ્વાગત ગીત અને પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા યોગનો સુંદર મજાનો કાર્યક્રમ રજૂ કરીને ઉપસ્થિત સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

જિલ્લા ભાજપ મહામંત્રી ગોવિંદભાઈ પટેલ, કલોલ તાલુકા ભાજપના પ્રમુખ બળદેવજી ઠાકોર, કલોલ તાલુકા પંચાયતના સદસ્ય નિલેશ શાહ, પાણી પુરવઠાના કાર્યપાલ ઈજનેરશ્રી મહેરીયા, વાસ્મોના સભ્ય સચિવશ્રી એ. એમ.મલેક, પાણી પુરવઠાના પ્રીતીબેન ચૌહાણ, તાલુકા વિકાસ અધિકારીશ્રી એન.કે .પટેલ, વાસ્મોના કોઓર્ડિનેટર સ્નેહલભાઈ મકવાણા સહિત ઉપસ્થિત રહ્યા હતાં.

# શેરથા ટોલનાકા પાસેથી વિદેશી દારૂની બોટલો ભરેલી કાર ઝડપાઈ

ગાંધીનગર, તા.૨૧

અડાલજ પોલીસે શેરથા ટોલનાકા પાસેથી વિદેશી દારૂની બોટલો સાથે સેન્ટ્રો કારને ઝડપી લીધી છે. પોલીસે રૂ. ૧ લાખની દારૂની બોટલો સહિત રૂ. ૨.૪૦ લાખનો મુદ્દામાલ કબજે લઈ બે આરોપીઓની ધરપકડ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અડાલજ પોલીસ સ્ટેશનના પ્રોબેશનલ પોલીસ સબ ઈન્સ્પેકટર એસ.જે. વાઘેલા તેમજ કોન્સ્ટેબલ પ્રકાશસિંહ દિલાવરસિંહ અને પી.સી. રામેશ્વરે આજે મળેલી બાતમીના આધારે શેરથા ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી.

આ દરમિયાન સ્થળ પરથી પસાર થતી સેન્ટ્રો કાર નં. જીજે-૧ એચ.પી. ૨૭૭૦ને અટકાવી પોલીસે તપાસ હાથ ધરતા કારમાંથી વિદેશી દારૂની ૨૦૨ નંગ બોટલો મળી આવી હતી. પોલીસે આરોપી અશોક રઘુનાથપ્રસાદ શર્મા તેમજ વસીમ મુસ્તુફાખાન પઠાણની ધરપકડ કરી છે. વિદેશી દારૂનો જથ્થો, સેન્ટ્રો કાર અને મોબાઈલ ફોન સહીત પોલીસે રૂ. ૨.૪૦ લાખનો મુદ્દામાલ કબજે લીધો છે. દારૂનો આ જથ્થો કયાંથી આવ્યો અને કયાં લઈ જવાતો હતો તે સઘળી હકીકત પ્રકાશમાં લાવવા પોલીસે આરોપીઓની સઘન પૂછતાછ હાથ ધરી છે.

# પથિકા ડેપો પાછળ શ્રાવણીયો જુગાર રમતા ૪ જુગારીયાઓ ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર એસ.ટી. ડેપોના વર્કશોપની પાછળ આવેલી ઝાડીઓમાં ચાર જેટલા શકુનીઓ જુગાર રમતા હતા ત્યારે પોલીસે બાતમીના આધારે જુગાર ધામ પર દરોડા પાડી ૧ લાખથી વધુના મુદ્દામાલ સાથે ચાર જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા. જે અંગે સેક્ટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સેક્ટર-૭ પોલીસમથકના પી.એસ.આઈ. એ. કે. ભરવાડને ખાનગી રાહે બાતમી મળી હતી કે કેટલાક ઈસમો ગાંધીનગર એસ.ટી. ડેપોના વર્કશોપની પાછળની ઝાડીઓમાં ખુલ્લામાં તીન પત્તીનો જુગાર રમી રહ્યા છે જે બાતમીના આધારે પી.એસ.આઈ.એ બાતમી સ્થળે સ્ટાફના માણસો સાથે રેડ કરી હતી અને જુગાર રમતા ૪ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. તથા તેમની પાસેથી રૂ. ૧૨,૧૧૦ રોકડા તથા ૩ મોટર સાઈકલ મળી કુલ ૧,૦૨૧૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. રેડ દરમિયાન જુગાર રમતા પકડાયેલા જુગારીયાઓ જયુદિન અયુબખાન પઠાણ રહે. ચરેડી છાપરા, મુયરબીન ફકીર રહે. પેથાપુર, જગદીશ ભગવાનભાઈ રહે. પેથાપુર અને આરીફ ઈબ્રાહીમ શેખ રહે. પેથાપુરની વિરૂદ્ધ જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪
સૂર્યાસ્ત : ૭.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૫૮ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
કૉકટેલ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
બોલ બચ્ચન : ૧૨.૩૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૩.૩૦, ૧૦.૦૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (અંગ્રેજી) : ૬.૪૫

: સ્ક્રીન-૩ :
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦
બોલ બચ્ચન : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
ગટ્ટુ : ૧૦.૦૦
કૉકટેલ : ૧૧.૪૫, ૨.૩૦
પિકચર અભિ બાકી હૈ : ૫.૧૫
બોલ બચ્ચન : ૭.૪૫, ૧૦.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
બોલ બચ્ચન : ૯.૦૦
ગટ્ટુ : ૧૨.૦૦
કૉકટેલ : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
કૉકટેલ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૧૫

: સ્ક્રીન-૩ :
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૦.૦૦
બોલ બચ્ચન : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
ધ ડાર્ક નાઈટ રાઈસીસ (હિન્દી) : ૯, ૧૨, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

કૉકટેલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જો જે રંગ લાવશે આપણી પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- મોટાબાર ગામ કડવા પાટીદાર સમાજ દ્વારા બપોરે ૨.૦૦ કલાકે સામાજિક કાર્યક્રમ.
- જનચેતનાપંચ ગુજરાત એકમ દ્વારા સવારે ૧૦.૦૦ કલાકે સામાજિક કાર્યક્રમ.

### ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા રાજેન્દ્રભાઈ ઓઝા ૧૨૯૯, શિવમ સોસાયટી, સે.-૨૭, ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે.-૨૩, ગાંધીનગર દ્વારા અતુલભાઈ ત્રિવેદી ૨/૪, 'છ' ટાઈપ, સે.-૨૩, ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ અને સ્તુતી વંદના રાત્રે ૯.૦૦ કલાકે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી જ અનાજ- કઠોરનાં હિંડોળા પ્રારંભ.

### શૈક્ષણિક

- કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત પત્રકારત્વ વિભાગ દ્વારા યુનિવર્સિટી ભવન, એલ.ડી.આર.પી. કેમ્પસ, સેકટર-૧૫ ખાતે સવારે ૯.૩૦ કલાકે 'પત્રકારત્વ અને પત્રકારત્વમાં કારકિર્દી' વિષય પરિસંવાદ.

## આપની આજ

**મેષ** : વિવાદ, કોર્ટ-કચેરીના મુદ્દે સાવચેત રહેવું. ખાનપાનમાં ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓને લગતી યાત્રા અને ખર્ચનો યોગ.

**વૃષભ** : વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્તી થવાનો યોગ.

**મિથુન** : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાનું થશે. અટવાયેલા પ્રશ્નોનું નિરાકરણ મળી શકશે.

**કર્ક** : શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકશે. ધર્મ આધ્યાત્મ સંબંધી ગહન શોધ કાર્ય થઈ શકે છે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ વૃદ્ધિ થતી જણાય.

**સિંહ** : આરોગ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો. મનોરંજન, આમોદ-પ્રમોદ સંબંધી વિશેષ યોગ.

**કન્યા** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ધાર્મિક યાત્રાઓ થઈ શકશે. સમાજિકક્ષેત્રમાં પદ, પ્રતિષ્ઠામાં વધારો થશે.

**તુલા** : નવા કાર્યોમાં ભાગદોડમાં વધારો થશે. ધર્મ, આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.

**વૃશ્ચિક** : વાહન ખરીદવાની સંભાવના છે .પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે.

**ધન** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**મકર** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે.

## ચિરવિદાય

- સ્વ. ભાનુમતીબેન સુરેન્દ્રભાઈ રાવલ (ઉ.વ.૬૫) પ્લોટ નં. ૪૪૦/૪, 'ચ-૧'ટાઈપ, સેકટર- ૬, ગાંધીનગર.
- સ્વ. રાજેન્દ્ર ઉમેદભાઈ પંડ્યા (ઉ.વ.૫૭) પ્લોટ નં. ૩૩, સેકટર-૧૯, ગાંધીનગર.
- સ્વ. મનુભાઈ મફતલાલ શાહ (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૧૮/૧, 'છ'ટાઈપ, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. જયાબેન જયંતકુમાર વાઢેલ (ઉ.વ.૬૨) પ્લોટ નં. ૧૨૭૫/૧, સેકટર- ૭/એ, ગાંધીનગર.

# દરેક વ્યક્તિએ એક કલાને વરવું જોઈએ

## દેશ-વિદેશમાં કાર્યક્રમો આપી ચૂકેલા બલવંત સિંધા ભારતીય સંસ્કૃતિને વિશ્વમાં ઉજાગર કરવા કટિબદ્ધ છે



**સંબંધ સજાવે જિંદગી**
**હરતાં-ફરતાં સાવ અચાનક**
**- કુંતલ નિમાવત**
gsrelation@yahoo.com

માનવમાત્ર કલાકાર હોય છે અથવા તો માનવમાત્ર કલાકાર થઈ શકે છે - જરૂર છે એની કલાને પારખવાની, એના રસને પારખવાની.

ગાંધીનગરમાં એક પરિવાર એવો છે, જેને સંગીત સાથે દૂર-સુદૂર સુધી કોઈ સંબંધ નથી, પણ તેમ છતાં આ પરિવારનો એક યુવાન દીકરો આજે સંગીતના કારણે જ સફળ પણ છે અને પ્રસિદ્ધ પણ છે.

આ દીકરાએ માત્ર ૩ વર્ષની ઉંમરે ઘરમાં ડબ્બા ઊંધા વાળીને વગાડવાની શરૂઆત કરી દીધી તે જોઈને પિતાએ એને ઢોલક લાવી દીધું. દીકરો રસથી ઢોલક વગાડવા માંડ્યો. પિતાએ પાંચ વર્ષની વયથી એને તબલાં વાદનની તાલીમ અપાવવાનું શરૂ કર્યું. પરિવાર સ્વામિનારાયણ સંપ્રદાયનો ચૂસ્ત પાલક. પાંચ વર્ષની વયે આ બાળકે પ્રમુખસ્વામિ સમક્ષ શાહીબાગ મંદિર ખાતે ભજન ગાયનમાં તબલાંની સંગત આપી હતી. એ પછી 'બાપા'ના જે આશિષ મળ્યા તે આ બાળકને ફળ્યા એવી આ પરિવારને શ્રધ્ધા છે.

વાત છે ગાંધીનગરના જ પોતાના કલાકાર બલવંતસિંહ નટવરસિંહ સિંધા ઉર્ફે આપણા બલ્લુની. બલ્લુએ ધર્મેન્દ્ર તપોધન પાસે તબલાંની પધ્ધતિસરની તાલીમ મેળવી, એ પછી ઉસ્તાદ અલ્લારખ્ખાના શાગીર્દ અશોક ગોડબોલે પાસે મુંબઈમાં ૩ વર્ષ તાલીમ મેળવી. જાકીર હુસેનના મોટા ભાઈ ઉસ્તાદ તૌફિક કુરેશી પાસે ૩ વર્ષ કલાસીકલ તબલાંની તાલીમ મેળવી. એ પછી હિન્દી ફિલ્મ જગતમાં સૌથી વધુ રૅકોર્ડીંગનો જેમનો રૅકોર્ડ છે એવા માધવ પવાર સાહેબ પાસે પણ ૩ વર્ષ તાલીમ લીધી અને લાઈવ તબલાં વાદન (ગઝલ, સુગમ, ભજન, તરાના, ટપ્પા, કવ્વાલી, નઝમ, ફોક મ્યુઝીક વગેરે)માં મહારત હાંસલ કરી. તબલાં વાદનમાં દિલ્હી અને પંજાબ ઘરાના શીખ્યા બાદ સપ્તકના નંદનભાઈ મહેતા અને પૃથ્વીરાજ મિશ્રા પાસે બનારસ ઘરાનાની તાલીમ પણ ૭ વર્ષ સુધી મેળવી.

એ પછી બલવંતસિંહની કારકિર્દીની ટ્રેન એવી સડસડાટ દોડી રહી છે કે જેમાં નવાં માઈલ સ્ટોન ઉમેરાતાં જ જાય છે. એમણે અત્યાર સુધી જેમની સાથે તબલાંની સંગત કરી છે એવા કલાકારોમાં ગાંધીનગરના બિરેન પુરોહિતથી માંડીને સોલી કાપડિયા, નીશા ઉપાધ્યાય, શ્યામલ-સૌમિલ, આરતી મુન્શી, નયન પંચોલી, હસમુખ પાટડિયા, સ્વ. દિલીપ ધોળકિયા, પ્રફુલ્લ દવે ઉપરાંત કલાસીકલ સંગીતના દિગ્ગજ પંડિત અજય ચક્રવર્તીનાં નામ સામેલ છે.

આવા નીવડેલા કલાકાર ગાંધીનગરના વિવિધ રાસ-ગરબા ગ્રૂપ્સને પણ છેલ્લાં ૧૦ વર્ષથી પોતાની સેવા આપી જ રહ્યા છે. એ જ રીતે પોતાની પ્રેરણા મૂર્તિ પ્રમુખસ્વામિ મહારાજ હોવાથી સ્વામિનારાયણ મંદિરમાં પણ તેઓ પોતાની સેવા આપી રહ્યા છે.

ગાંધીનગરના આ ગરવા કલાકારને માત્ર તબલાં પ્રત્યે જ પ્રેમ છે એવું નથી. નૃત્ય અને અભિનયમાં પણ તેની ઋચિ અને આવડત કાબિલે તારીફ છે. રાઠવા, ધરમપુર, મિશ્ર રાસ, ગોફ રાસ ઉપરાંત ગઢવાલી, ડાંગ રાસ, તેરાતાલી, નેપાળી આદિવાસી નૃત્ય, કૃષ્ણલીલા જેવાં નૃત્યોની તાલીમ ૧૪ વર્ષ દરમ્યાન એમણે મેળવી છે ને એ તાલીમ અન્યોને આપીને તેનો પ્રસાર પણ કરી રહ્યા છે. નાનપણથી જ શાળામાં અને સ્વામિનારાયણ મંદિરના કાર્યક્રમોમાં વિવિધ નાટકોમાં અભિનય આપીને પોતાનો અભિનયનો શૉખ પણ જાળવી રાખ્યો છે. ૨૦મી સદીના મહાનાયક અમિતાભ બચ્ચન સાથે સ્વામિનારાયણ મંદિર ખાતે અભિનય કરવાની જે તક મળી હતી એને પોતાની અભિનય કળાની સૌથી મોટી સિદ્ધિ તેઓ માને છે. હાલમાં પણ વૉટર શો દરમ્યાન નાટ્ય શો રજૂ થાય છે તેમાં નચિકેતાના પિતા તરીકેના પાત્રમાં બલવંતસિંહ જ જોવા મળે છે. આ કલાકારને પોતાની કલાના પ્રસાર માટે દેશ-વિસ્તારના સીમાડા કોઈ સીમાડા નથી નડ્યા. સમગ્ર દેશ ઉપરાંત અમેરિકા, લંડન, ફ્રાન્સ, જર્મની, પૉલેન્ડ, ચેક રીપબ્લિક, પોર્ટુગલ, નેધરલેન્ડ, સ્પેન, સ્લોવાકિયા, તુર્કી, સીંગાપુર, મલેશિયા, સ્વીત્ઝર્લેન્ડ, જ્યુરીચમાં પણ તેઓ તબલાંની સંગત જમાવીને રંગત પ્રસારી ચૂક્યા છે.

આ ગરવા કલાકારે ૨૦૦૯થી રિધમ સંસ્થાની શરૂઆત કરી છે અને દેશ-વિદેશમાં ભારતીય સંસ્કૃતિ ઉજાગર કરતા કાર્યક્રમો તેઓ આપી રહ્યા છે. ગાંધીનગરના પચીસેક કલાકારોને આ સંસ્થાના માધ્યમથી વિદેશ પ્રવાસની ને વિદેશમાં શો કરવાની તક મળી છે.

પોતાની સફળતાનો સઘળો શ્રેય તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયને આપે છે અને દરેક વ્યક્તિએ એક કલાને વરવું જોઈએ એવી સલાહ પણ આપે છે. કલા માણસને જીવતાં શીખવે છે અને ધર્મ માણસને મૂલ્યો શીખવે છે એવો એમનો મત છે.

બલવંતસિંહ અને તેમનાં નૃત્યાંગના પત્ની દિપલ આગામી ૩૦ જુલાઈના રોજ અમેરિકા અને કેનેડાના ૩ માસના પ્રવાસે જઈ રહ્યા છે, જ્યાં તેઓ ભારતીય સંસ્કૃતિ ઉજાગર કરતી કલાઓનું પ્રદર્શન કરશે. એમની આ કલાયાત્રા આમ જ ગૌરવપૂર્ણ રીતે ચાલતી રહે એવી શુભકામનાઓ.